ભરૂચના સ્પેશ્યલ જજ(પોકસો કોર્ટ) અને ત્રીજા એડીશ્નલ સેસન્સ કોર્ટની સમક્ષ, ભરૂચ.

પોકસો કેસ નં.૩૫/૨૦૨૫

**<u>આંક–૦૧ નીચે હુકમ</u>**

૧. વિ.એ.પી.પી.શ્રી.ને તથા આરોપીના વિ.વકીલશ્રીને સાંભળ્યા, વિ.એ.પી.પી.શ્રી એ આંક–૩૭ થી પ્રપોઝ ચાર્જ રજુ કરેલ છે અને વિ.એ.પી.પી.સુ.શ્રીએ ઇ.પી.કો. કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૫૪(ડી), ૪૦૬, ૪૯૩, ૪૯૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટ ૩(એ)ના ભંગ બદલ ૪(૧) તથા પોકસો એકટની કલમ–૫(એલ)ના ભંગ બદલ ૬(૧) તથા પોકસો એકટની કલમ–૧૧(૪) ના ભંગ બદલ ૧૨ મુજબની કલમો આરોપી સામે બનતી હોવાનું પ્રપોઝ ચાર્જમાં જણાવે છે અને વિ.એ.પી.પી.શ્રી. વધુમાં જણાવે છે કે, ચાર્જશીટમાં આરોપી સામે ઇ.પી.કો. કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૫૪(ડી), ૪૯૩, ૪૯૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટ ૩(એ)ના ભંગ બદલ ૪(૧) તથા પોકસો એકટની કલમ–૫(એલ)ના ભંગ બદલ ૬(૧) તથા પોકસો એકટની કલમ–૧૧(૪) ના ભંગ બદલ ૧૨ની કલમ હતી, ત્યારબાદ આઇ.ઓ.એ. વધુ તપાસના રીપોર્ટમાં ઇ.પી.કો. કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૫૪(ડી), ૪૦૬, ૪૯૩, ૪૯૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટ ૩(એ)ના ભંગ બદલ ૪(૧) તથા પોકસો એકટની કલમ–૫(એલ)ના ભંગ બદલ ૬(૧) તથા પોકસો એકટની કલમ–૧૧(૪) ના ભંગ બદલ ૧૨ મુજબની કલમોનો ગુનો હોવાનું જણાવેલ અને ઇ.પી.કો. કલમ–૪૬૫ પુરતી આઇ.ઓ.એ. સી સમરી ભરેલ છે અને નામદાર કોર્ટે ઇ.પી.કો કલમ–૪૬૫ પુરતી સી સમરી મંજુર કરેલ છે અને ભોગબનનારનું બી.એન.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન અને દસ્તાવેજો ધ્યાને લઇ પ્રપોઝ ચાર્ઝ મુજબનો ચાર્જફ્રેમ કરવા વિનંતી કરે છે.

૨. આરોપી તરફે વિ.વકીલશ્રી જણાવે છે કે, ચાર્જ પુરતો વાંધો નથી, બચાવનો હકક કાયમ રાખે છે.

૩. ઉપરોકત રજુઆત ધ્યાને લેતા,આ કામે પોલીસે હાલના આરોપી દીપેશભાઇ મહેશભાઇ પરમારને આરોપી બતાવી ચાર્જશીટ કરેલ છે અને ચાર્જશીટમાં કોલમ નં.૧૨ માં આરોપ નામું ભરવામાં ન આવ્યું હોય તેમાં એક આરોપીનું નામ વિદ્યાબેન મહેશભાઇ નામ દર્શાવેલ છે અને રેકર્ડ જોતાં નામદાર ગુજરાત હાઇકોર્ટે સ્પે. ક્રિમીનલ એપ્લીકેશન (કવોસીંગ) નં.૪૬૮૭/૨૦૨૫ના કામે તા.૦૩/૦૪/૨૦૨૫ના રોજ કરેલ હુકમ મુજબ વિદ્યાબેન મહેશભાઇ સામે કર્શીવ સ્ટેપ ન લેવા તેવો હુકમ કરેલ છે તે ધ્યાને રાખી હાલના

આરોપી દીપેશભાઇ મહેશભાઇ પરમાર સામે ચાર્જફ્રેમ બાબતે રેકર્ડ જોવામાં આવે તો, રેકર્ડ જોતાં,બનાવવાળી જગ્યાએ, બનાવવાળા સમયે, જુન ૨૦૨૨માં ભોગબનનાર ધોરણ ૧૦માં અભ્યાસ કરતી હતી તે દરમ્યાન ઘરેથી ચાલીને સ્કુલે જતી હતી ત્યારે આરોપી દીપેશ નામના વ્યકિતએ ભોગબનનાર સગીર છે તેવું જાણવા છતાં જાતીય ઈરાદાથી ભોગબનનારનો પીછો કરતા હતા અને તે દરમ્યાન આરોપી દીપેશભાઇ મહેશભાઇ પરમાર અને ભોગબનનાર વચ્ચે પરીચય થયેલ, મિત્રતા થયેલ અને આરોપી દીપેશભાઇ મહેશભાઇ પરમાર અને ભોગબનનાર વચ્ચે પ્રેમ સંબંધ થયેલ અને ભોગબનનારે ધોરણ ૧૦ નો અભ્યાસ પુર્ણ કરેલ અને ભોગબનનાર ધોરણ ૧૧ માં અભ્યાસ કરવા જતી ત્યારે ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ જેટલી હતી અને સગીર હતી અને તે આરોપી દીપેશભાઇ મહેશભાઇ પરમાર જાણતા હતા છતાં આરોપી દીપેશભાઇ મહેશભાઇ પરમારએ જાતીય ઈરાદાથી જંબુસર અખણી રોડ ઉપર આવતી નર્મદા કેનાલ વાળા રોડ ઉપર ભોગબનનારને મળતાં અને સતત તે રીતે ભોગબનનારનો સંપર્ક કરતાં અને ભોગબનનારની આરોપી દીપેશભાઇ મહેશભાઇ પરમાર તે રીતે જાતીય સતામણી કરતા અને જાતીય ઈરાદાથી આરોપી દીપેશભાઇ મહેશભાઇ પરમાર ભોગબનનારને શરીર ઉપર સ્પર્શ કરીને તેને કીસ કરતો અને આરોપી દીપેશભાઇ મહેશભાઇ પરમારે ભોગબનનાર પાસે ભોગબનનારને કીસ કરતી વખતે શારીરીક સંબંધની માંગણી કરેલ પરંતુ ભોગબનનારે ના પાડેલ ત્યારબાદ બનાવવાળી જગ્યા હોસ્પીટલ નજીક, બનાવવાળા સમયે આરોપી દીપેશ મહેશભાઇ પરમાર ભોગબનનારને રૂમમાં લઇ ગયેલ અને ત્યારે આરોપી  દીપેશ મહેશભાઇ પરમાર જાણતા હતા કે ભોગબનનાર સગીર છે અને સંમતી આપવા સક્ષમ નથી છતાં ભોગબનનારનું કાયદેસરના વાલીના વાલીપણામાંથી ભોગબનનારનું અપહરણ કરીને ભોગબનનારને આરોપી દીપેશ મહેશભાઇ પરમાર બળાત્કાર કરવાના ઈરાદે અને લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરીને ભોગબનનારને તે રૂમમાં લઇ ગયેલ ત્યાં ભોગબનનાર સાથે આરોપી દીપેશ મહેશભાઇ પરમાર એ ભોગબનનારની સંમતી અને ઈચ્છા વિરૂધ્ધ ભોગબનનાર સગીર હોવા છતાં ભોગબનનાર ઉપર આરોપી  દીપેશ મહેશભાઇ પરમારએ બળાત્કાર કરેલ અને ભોગબનનાર ઉપર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને આરોપી  દીપેશ મહેશભાઇ પરમાર એ ભોગબનનારને ગુનાહીત ધમકી આપી કહેલ કે, આ બાબતે કોઇને વાત કરીશ તો બંને વચ્ચેનો પ્રેમ સંબંધ તોડી નાંખીશ અને સાથે મારી નાંખવાની ધમકી આપી જેથી ભોગબનનાર ગભરાઇ ગયેલ અને ત્યારબાદ આરોપી  દીપેશ મહેશભાઇ પરમારએ ભોગબનનારને લલચાવી પટાવીને તા.૨૬/૧૧/૨૦૨૪ ના રોજ જંબુસર કોર્ટ

નજીક નોટરી જશુભાઇ મિસ્ત્રીની ઓફીસે બોલાવી અને ભોગબનનારની કેટલાક કાગળો ઉપર સોંગદનામામાં સહી કરાવેલી અને તે ભોગબનનારને છેતરીને કોઇ પણ જાણ કર્યા વગર ભોગબનનારની સહી કાગળો અને સોંગદનામા ઉપર આરોપી દીપેશ મહેશભાઇ પરમારએ લેવડાવીને ભોગબનનાર સાથે લગ્નની વિધી કર્યા વગર લગ્ન નોંધણી પ્રમાણપત્ર કઢાવવા માટેના કાગળો ઉપર ભોગબનનારને સમજાવ્યા વગર છેતરીને ફોસલાવીને અને ભોગબનનાર સાથે ગુનાહીત વિશ્વાસઘાત કરીને ભોગબનનારની સહીઓ આરોપી દીપેશ મહેશભાઇ પરમાર એ કરાવીને ભોગબનનાર સાથે કાયદેસર હિન્દુ વિધી કર્યા વગર, લગ્ન કર્યા વગર, લગ્ન નોંધણી કરાવીને ભોગબનનારને કાયદેસરની પત્ની આરોપી દીપેશ મહેશભાઇ પરમારની બનેલ ન હોવા છતાં ભોગબનનારને પત્ની હોવાનું કહી છેતરપિંડી કરી તે રીતે ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધેલ અને ફરીયાદી/ ભોગબનનારને આરોપી દીપેશ મહેશભાઇ પરમાર એ ઢીકાપાટુનો માર મારી સ્વેચ્છાએ વ્યથા કરેલ અને આરોપી દીપેશ મહેશભાઇ પરમાર ભોગબનનારને કહેતો કે હું તને પત્ની તરીકે સારી રીતે રાખીશ તને જેટલું ભણવું હશે તેટલું ભણાવીશ તને કોઇ દુ:ખ કે તકલીફ નહીં પડવા દઉં તેવી મીઠી વાતો કરીને અને વિશ્વાસઘાત કરીને ભોગબનનારને ફસાવેલ અને લલચાવેલ, ફોસલાવેલ અને આરોપી દીપેશ મહેશભાઇ પરમારના કહયા મુજબ તા.૧૬/૧૨/૨૦૨૪ ના રોજ ભોગબનનાર તેના માતા પિતાનું ઘર છોડી દીધેલ અને આરોપી દીપેશ મહેશભાઇ પરમાર ભોગબનનારને વડોદરા ખાતે આરોપી દીપેશ મહેશભાઇ પરમારના મિત્રને ત્યાં લઇ ગયેલ અને તે રીતે ભોગબનનારનું આરોપી દીપેશ મહેશભાઇ પરમારે લલચાવી ફોસલાવીને અપહરણ કરેલ અને ત્યાં આરોપી દીપેશ મહેશભાઇ પરમારએ ભોગબનનારને ત્રણ દિવસ રાખેલ અને ત્યાર બાદ આરોપી દીપેશ મહેશભાઇ પરમારએ પોતાના ઘરે અણખી ગામે ભોગબનનારને લઇ ગયેલ, ત્યાં આરોપી દીપેશ મહેશભાઇ પરમાર પોતે દારૂ પીને ભોગબનનારને ગંદી ગાળો આપતા અને અપમાન કરતાં અને હેરાન કરવાનું શરૂ કરી તેને માર મારવાનું શરૂ કરેલ અને ભોગબનનારને તેના પરીવાર સાથે રૂબરૂમાં કે ફોન ઉપર વાત કરવા ન દેતા અને ભોગબનનાર ઉપર સતત પહેરો રાખતા અને ત્રાસ વધી જતાં ભોગબનનાર કંટાળી ગયેલ અને તા.૨૧/૦૨/૨૦૨૫ના રોજ સવારે આરોપી દીપેશ મહેશભાઇ પરમારએ ભોગબનનારને કહેલ કે તારી સાથે વિધી પ્રમાણેના લગ્ન થયેલ નથી તું જતી રે તારા જેવી તો સત્તર મળશે તેમ કહેલ અને આરોપી દીપેશ મહેશભાઇ પરમાર એ ભોગબનનાર સાથે કાયદેસર પત્ની ન હોવા છતાં કાયદેસર પત્ની છે તેવું મનાવી, લલચાવી, ફોસલાવી છેતરીને ભોગબનનાર સાથે વારંવાર શરીર સંબંધ બાંધી,

ભોગબનનારનું શોષણ કરેલું અને આ ભોગબનનારને ખબર પડતાં તા.૨૧/૧૨/૨૦૨૫ના રોજ આરોપી દીપેશ મહેશભાઇ પરમાર ફોટોગ્રાફીના કામે બહાર ગયેલ હોય ત્યારે ભોગબનનાર ઘરમાંથી નીકળી માતા-પિતાને ત્યાં ચાલી ગયેલ અને તે રીતે આરોપી દીપેશ મહેશભાઇ પરમારએ ભોગબનનાર સાથે જાતીય હુમલો કરેલ, પ્રવેશ જાતીય હુકલો કરેલ, ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને ભોગબનનાર સાથે વારંવાર બળાત્કાર કરેલ અને આરોપી દીપેશ મહેશભાઇ પરમાર એ ભોગબનનારને ગુનાહીત ધમકી આપેલ અને સ્વેચ્છા પુર્વક વ્યથા પહોંચાડેલ અને સુલેહ ભંગ કરવા ઉશ્કેરવાના ઇરાદાથી ભોગબનનારનું અપમાન કરી આરોપીએ ભોગબનનારને ગાળો આપેલ અને આરોપી દીપેશ મહેશભાઇ પરમાર સાથે ભોગબનનાર સાથે કાયદેસર લગ્ન કરેલ ન હોય અને છેતરીને લલચાવી ફોસલાવીને ભોગબનનારને તેની સાથે આરોપી દીપેશ મહેશભાઇ પરમારએ લગ્ન કરેલ છે તેવું માનવા પ્રેરીને પણ ભોગબનનારને આરોપીએ પોતાની સાથે રાખીને આરોપી દીપેશ મહેશભાઇ પરમારે ભોગબનનાર સાથે શરીર સંબંધ રાખેલો અને ભોગબનનાર સાથે કાયદેસર લગ્ન થયેલ નથી તેવું જાણવા છતાં છેતરીને કપટ કરીને ભોગબનનારને તે કાયદેસર પત્ની છે તેવું આરોપી દીપેશ મહેશભાઇ પરમારએ ફોસલાવીને ભોગબનનારને માનવા પ્રેરેલ તેવું આરોપી દીપેશ મહેશભાઇ પરમારએ ગુનાહીત કૃત્ય કરેલ તે રીતે આરોપી દીપેશ મહેશભાઇ પરમાર એ ઇ.પી.કો. કલમ-323,504,406.493,496, 506(2), 354(A)(1)(i)(ii) ના ભંગ બદલ 354(A)(2), 354(D)(1)(i) ના ભંગ બદલ 354(D)(2), 363,366,375(a)(c) ના ભંગ બદલ 376(1), 376(2)(j)(n), તેમજ જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતે અધિનિયમ ૨૦૧૨ ની કલમ- 3(a)ના ભંગ બદલ, 4(1), 5(l) ના ભંગ બદલ, 6(1), 7 ના ભંગ બદલ 8 11(1)(4)ના ભંગ બદલ 12 મુજબનું તહોમનામું ફરમાવવું ન્યાયી છે અને સાથે નામ.ગુજરાત હાઇકોર્ટે સ્પે. ક્રિમીનલ એપ્લીકેશન નં.૪૬૮૭/૨૦૨૫માં ઉપરોકત જણાવ્યા પ્રમાણે વિદ્યાબેન મહેશભાઇ પરમાર સામે કર્શીવ સ્ટેપ લેવા નહીં તે બાબતે જે હુકમ કરેલ છે તે ધ્યાને લેતા આ કામે ઇ.પી.કો. કલમ-૧૧૪ પુરતો ચાર્જફ્રેમ કરવામાં આવતો નથી જેથી આરોપી દીપેશભાઇ મહેશભાઇ પરમાર સામે ઇ.પી.કો. કલમ-323,504,406.493,496, 506(2), 354(A)(1)(i)(ii) ના ભંગ બદલ 354(A)(2), 354(D)(1)(i) ના ભંગ બદલ 354(D)(2),

363,366,375(a)(c) ના ભંગ બદલ 376(1), 376(2)(j)(n), તેમજ જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતે અધિનિયમ ૨૦૧૨ ની કલમ– 3(a)ના ભંગ બદલ, 4(1), 5(l) ના ભંગ બદલ, 6(1), 7 ના ભંગ બદલ 8 11(1)(4)ના ભંગ બદલ 12 મુજબનું તહોમતનામું ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે તે રીતે ચાર્જફ્રેમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૭ ફેબ્રુઆરી સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી જાહેર કર્યો.

તા.૧૭/૦૨/૨૦૨૬

ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી.સેસન્સ જજ અને સ્પે.પોકસો જજ,
ભરૂચ.
(U.I.CODE-GJ00659)